# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે 80મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે – સાંજે સાત વાગ્યાથી આકાશવાણી પરથી તેનું પ્રસારણ કરાશે.
2. સરકારે સ્વતંત્રતા દિવસ 2026 ના અવસરે પોલીસ, ફાયર, હોમગાર્ડ્સ અને નાગરિક સંરક્ષણ તથા સુધારાત્મક સેવાઓના એક હજાર 57 કર્મચારીઓને શૌર્ય અને સેવા ચંદ્રકો જાહેર કર્યા.
3. આજે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ - પ્રધાનમંત્રી, ગૃહમંત્રી, સંરક્ષણ મંત્રી સહિત અનેક મહાનુભાવોએ શ્રદ્ધાંજલિ આપી.
4. સરકારે જમ્મુ અને કાશ્મીરમાં 18 કરોડ 60 લાખ રૂપિયાના ત્રણ વિરાસત સંરક્ષણ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી.
5. હવામાન વિભાગે આજે છત્તીસગઢ, પૂર્વ મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ આપ્યું.

---

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PREZ- ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે 80મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે. રાષ્ટ્રપતિનું સંબોધન સાંજે સાત વાગ્યે આકાશવાણીની તમામ રાષ્ટ્રીય ચેનલો પર પ્રસારિત કરવામાં આવશે. દૂરદર્શનની બધી ચેનલો પર હિન્દીમાં પ્રસારણ બાદ અંગ્રેજી સંસ્કરણ પણ પ્રસારિત કરવામાં આવશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીના પ્રસારણ બાદ  દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો પર પ્રાદેશિક ભાષાઓમાં પણ તેનું પ્રસારણ કરાશે.

# IMP ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સ્વતંત્રતા પર્વની પૂર્વસંધ્યાએ આજે સાંજે સાત વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે. તેના કારણે આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી આજે સાંજના પ્રાદેશિક સમાચાર 7.10 વાગ્યાની જગ્યાએ 5.45 વાગ્યે પ્રસારિત કરાશે.

જ્યારે આવતીકાલે સવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધિત કરશે. તેના કારણે સવારના પ્રાદેશિક સમાચાર 7.10 વાગ્યાની જગ્યાએ 6.45 વાગ્યે પ્રસારિત કરાશે.

# PM - INDEPENDENCE DAY (V/C)

દેશમાં આવતીકાલે 80મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પરની ઉજવણીનું નેતૃત્વ કરશે. ભારતીય વાયુસેનાના બે Mi-17 હેલિકોપ્ટર દ્વારા સ્થળ પર પુષ્પવર્ષા કરવામાં આવશે. રાષ્ટ્રધ્વજ ફરકાવવાની સાથે જ 21 તોપોની સલામી પણ આપવામાં આવશે. ત્યારબાદ પ્રધાનમંત્રી લાલ કિલ્લાની પ્રાચીર પરથી રાષ્ટ્રને સંબોધન કરશે.. સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ

(VC: WINNER - DIPENDRA/ANAND)

# PM VISHWAKARMA-SPECIAL GUEST

સરકારે દિલ્હીના લાલ કિલ્લા ખાતે આવતીકાલે ઉજવવામાં આવનાર 80મા સ્વતંત્રતા દિવસ સમારોહમાં હાજરી આપવા માટે દિલ્હી-એનસીઆર ક્ષેત્રના પીએમ વિશ્વકર્મા લાભાર્થીઓને 'વિશેષ મહેમાનો' તરીકે આમંત્રણ આપ્યું છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલએ જણાવ્યું કે  લાભાર્થીઓને સન્માન અને પ્રશંસાના પ્રતીક તરીકે સ્મૃતિચિહ્નો પણ આપવામાં આવશે.  આમંત્રિત લાભાર્થીઓ પીએમ વિશ્વકર્મા હેઠળ આવરી લેવાયેલા 18 પરંપરાગત વ્યવસાયો સાથે સંકળાયેલા છે, જેમાં દરજી, સુથાર, સુવર્ણકાર, લુહાર, તાળા બનાવનાર, વગેરેનો સમાવેશ થાય છે.

# RAJNATH- SOLDIER ADDRESS

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજે 80 મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ દેશના સૈનિકોને સંબોધિત કરશે. તેમનું સંબોધન સાંજે પાંચ વાંગીને 10 મિનિટે આકાશવાણીના એફએમ ગોલ્ડ અને ઈન્દ્રપ્રસ્થ ચેનલો પર પ્રસારિત કરવામાં આવશે.

# POLICE SERVICE MEDALS

સરકારે સ્વતંત્રતા દિવસ 2026 ના અવસરે પોલીસ, ફાયર સર્વિસ, હોમગાર્ડ્સ અને નાગરિક સંરક્ષણ અને સુધારાત્મક સેવાઓના એક હજાર 57 કર્મચારીઓને શૌર્ય અને સેવા ચંદ્રકો જાહેર કર્યા છે. ગૃહ મંત્રાલયે આજે 301 શૌર્ય ચંદ્રકોની યાદી જાહેર કરી છે. જેમાં 272 પોલીસ અને 29 અગ્નિશમન સેવા\ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

જીવન અને સંપત્તિનું રક્ષણ કરવા, ગુના અટકાવવા અથવા ગુનેગારોને પકડવામાં અસાધારણ હિંમત દર્શાવવા બદલ શૌર્ય ચંદ્રકો એનાયત કરવામાં આવે છે. 301 શૌર્ય ચંદ્રકોમાં ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત વિસ્તારોના કર્મચારીઓ માટે 197, જમ્મુ અને કાશ્મીરના 51, ઉત્તરપૂર્વના 12 અને અન્ય ક્ષેત્રોના 41 કર્મચારીઓનો સમાવેશ થાય છે.

કુલ 92 રાષ્ટ્રપતિ ચંદ્રકો પણ એનાયત કરવામાં આવ્યા છે. જેમાં પોલીસ સેવા માટે 83, અગ્નિશમન સેવા માટે ચાર, નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ સેવા માટે ત્રણ અને સુધારાત્મક સેવા માટે બેનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત 664 પ્રશંસનીય સેવા ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા છે. જેમાં પોલીસ સેવાના 606, અગ્નિશમન સેવાના 28, નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડના 18 અને સુધારાત્મક સેવાના 12 કર્મચારીઓનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય તપાસ પાંચ CBI ના એકવીસ અધિકારીઓને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પદક અને મેરીટોરીયસ સર્વિસ માટે ચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા છે. છ અધિકારીઓને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પદક એનાયત કરાયા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV. SHAH RAJNATH PARTITION DAY

આજે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘ સહિતના નેતાઓએ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ પર ભાગલા દરમિયાન જીવ ગુમાવનારા અને અત્યાચારો સામે લડનારાઓને શ્રદ્ધાંજલિ આપી. શ્રી મોદીએ વિભાજનથી પ્રભાવિત તમામ લોકોની હિંમતને યાદ કરી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું, આ દિવસ આપણા રાષ્ટ્રમાં સંવાદિતા અને ભાઈચારો જાળવવાના આપણા સંકલ્પને વધુ મજબૂત બનાવે અને સાથે મળીને આપણે વિકસિત ભારતનું નિર્માણ કરવા તરફ આગળ વધીએ.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું કે 14 ઓગસ્ટ, 1947 એ ઇતિહાસના સૌથી ક્રૂર પ્રકરણોમાંના એકનો સાક્ષી બન્યો, જેમાં લાખો લોકોએ પોતાના જીવ ગુમાવ્યા અને અમાનવીય યાતના સહન કરી.

સંરક્ષણમંત્રી રાજનાથસિંહે કહ્યું કે આ દિવસ આપણને ભારતના વિભાજનની દુર્ઘટનાની યાદ અપાવે છે, જેણે લાખો પરિવારોના જીવનને ઊંડા દુ:ખ, વિસ્થાપન અને અનિશ્ચિતતાથી ભરી દીધા હતા.

વિભાજન વિભીષિકા દિવસ અંગે સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ..

(V/C : ANUPAM)

# SHAH - DRUG KINGPIN

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો NCBએ સંયુક્ત આરબ અમીરાતથી ભાગેડુ ડ્રગ માફિયા વીરેન્દ્રસિંહ બસોયાને પરત લાવવા ખાતરી કરી છે. તેમણે કહ્યું કે આ નશીલા પદાર્થ સામે સરકારની શૂન્ય-સહિષ્ણુતા નીતિમાં એક નવો સીમાચિહ્ન છે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર વિદેશમાં છુપાયેલા ડ્રગ્સ તસ્કરોનો સતત પીછો કરી અને તેમના સમગ્ર નેટવર્કને કડક અભિગમથી નષ્ટ કરી રહી છે. શ્રી શાહે કહ્યું કે દેશની એજન્સીઓએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ડ્રગ્સ તસ્કરો, ભલે ગમે ત્યાં છુપાયેલા હોય, ભારતીય કાયદાની લાંબી પહોંચથી બચી શકતા નથી.

# J&K GOVT PROJECT

કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીરમાં 18 કરોડ 60 લાખ રૂપિયાના ત્રણ વારસા સંરક્ષણ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વના સ્થળોને પુનઃસ્થાપિત કરવાનો અને પ્રદેશની વારસાગત પ્રવાસન ક્ષમતાને મજબૂત કરવાનો છે. મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સમાં 6 કરોડ 86 લાખ રૂપિયાના ખર્ચે સાંબા જિલ્લામાં ઉત્તરવાહિની વિરાસત સ્થળનું પુનઃસ્થાપન, નવીનીકરણ અને સુંદરીકરણ, 6 કરોડ 50 લાખ રૂપિયાના ખર્ચે કઠુઆ જિલ્લામાં બસોહલી કિલ્લો અને 5 કરોડ 24 લાખ રૂપિયાના ખર્ચે અનંતનાગમાં નાલા સૌંદબારી ધોધનો સમાવેશ થશે.

જમ્મુ અને કાશ્મીરમાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વના સ્થળોના સંરક્ષણ, પુનઃસ્થાપન અને પ્રોત્સાહન માટેના સરકારના વ્યાપક પ્રયાસોનો આ પ્રથમ ભાગ છે.

# IMD WEATHER-DAY

હવામાન વિભાગે આજે છત્તીસગઢ, પૂર્વ મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ આપ્યું છે.

આગામી બે દિવસ દરમિયાન દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, પશ્ચિમ મધ્યપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, ઓડિશા, વિદર્ભ, ઉપ હિમાલય પશ્ચિમ બંગાળ અને ભારતના ઉત્તર પૂર્વીય ભાગોમાં પણ ભારે વરસાદની સ્થિતિ રહેવાની સંભાવના છે. આ સાથે જમ્મુ કાશ્મીર, લદ્દાખ, બિહાર, પૂર્વ રાજસ્થાન, કોંકણ, ગોવા, કેરળ, માહે, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં પણ આવતીકાલ સુધી ભારે વરસાદની સ્થિતિ રહેવાની સંભાવના છે.